# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-08-2024** **Morning : 7.10 to 7.20**

**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં 1 હજાર 3 કરોડ રૂપિયાના વિકાસકાર્યનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.
- વડોદરાથી સ્ટેચ્યૂ ઑફ યુનિટી સુધી 382 કરોડ રૂપિયાના ખર્ચે હાઈસ્પીડ કોરીડોર બનાવાશે
- કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સૌને જળ સંચય અને જળસંગ્રહ માટે જાગૃત થવા આહ્વાન કર્યું.
- મંકીપૉક્સ વાઇરસની ભીતિને પગલે તમામ રાજ્યોને દેખરેખ વધારવા અને કેસની ત્વરિત તપાસ માટે અસરકારક પગલાં લેવા કેન્દ્ર સરકારનો નિર્દેશ
- રાજ્યમાં આજે હર્ષોલ્લાસ સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી થઈ રહી છે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# AMIT SHAH VIKAS KARYO

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગઇકાલે અમદાવાદ મહાનગરપાલિકાના 1 હજાર 3 કરોડ રૂપિયાનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

શ્રી શાહે જણાવ્યું કે છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકાર અને અમદાવાદ મહાનગરપાલિકાએ ગાંધીનગર લોકસભા વિસ્તારના નાગરિકોને અંદાજે 5 હજાર કરોડ રૂપિયાનાં વિકાસલક્ષી કાર્યોની ભેટ આપી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરીજનોની સુખાકારી અને ઇઝ ઓફ લિવિંગ માટે સતત કામગીરી કરી રહી છે. ગઈકાલે શરૂ કરવામાં આવેલા વ્યાયામ શાળા, સ્વિમિંગ પૂલ, ઓક્સિજન પાર્ક સહિતનાં વિકાસકાર્યો શહેરીજનોની સુખાકારી વધારશે. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી જણાવ્યું હતું કે, સ્વચ્છતા, સુવિધા અને સુખાકારીના વિવિધ વિકાસ પ્રકલ્પો થકી સ્માર્ટ સિટી અને મેગા સિટી અમદાવાદ વધુને વધુ સુવિધાયુક્ત અને જનપ્રિય બનશે.

-------------------------------------------------------------------

-રીપીટ

# AMIT SHAH NAGRIKTA PATR

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે ગઈકાલે નાગરિકતા પ્રમાણપત્ર વિતરણ' કાર્યક્રમ યોજાયો હતો. શ્રી શાહે 188 જેટલા શરણાર્થી નાગરિકોને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કર્યા હતા.. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અમદાવાદના ૯૦, મોરબીના ૩૬, સુરેન્દ્રનગરના ૨૦, પાટણના ૧૮, મહેસાણાના ૧૦, રાજકોટના ૬, કચ્છના ૩, વડોદરાના ૩, આણંદના ૨, એમ કુલ ૧૮૮ શરણાર્થીઓએ ભારતીય નાગરિકતા મેળવી હતી..

---

-રીપીટ

# VADODARA CORIDORE

વડોદરાથી સ્ટેચ્યૂ ઑફ યુનિટી સુધીનો માર્ગ હાઈસ્પીડ કોરીડોર બનાવાશે. રાજ્ય સરકારે વિશ્વ વિખ્યાત પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનીટી અને વડોદરાને જોડતા રસ્તાને હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવવાની મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ માટે 382 કરોડ રૂપિયા મંજુર કર્યા છે. ઉલ્લેખનીય છે કે, પ્રવાસીઓની સુવિધા વધે, તેમના સમય અને ઇંધણનો બચાવ થાય તથા આ ક્ષેત્રે પ્રવાસનને વધુ વેગ મળે તે ઉદ્દેશ્યથી આ નિર્ણય કરાયા છે.

જે અંતર્ગત વડોદરા નેશનલ હાઈવે ૪૮ જંક્શનથી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ હદ સુધી છ-માર્ગીય રોડ તથા બંને બાજુ સર્વિસ રોડની કામગીરી, વુડા હદ થી ડભોઇ સુધીની લંબાઇ પૈકી બાકી રહેલ ૨.૫ કી.મી. લંબાઇમાં ચાર માર્ગીયકરણની કામગીરી થશે.

જેમાં બે અન્ડરપાસ અને બે એલીવેટેડ કોરીડોર પણ નિર્માણ થશે. આ ઉપરાંત રતનપુર ચોકડી ઉપર તથા થુવાવી જંક્શન ઉપર ૬ માર્ગીય વ્હિકલ અન્ડરપાસ તેમજ કેલનપુર ગામમાં અને સિનોર ચોકડી ઉપર ૪ માર્ગીય એલીવેટેડ માર્ગ બનશે.

---

-ચાદી, નિકીતા -(NAVIN)

# NAVSARI CCI CR PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સૌને જળ સંચય અને જળસંગ્રહ માટે જાગૃત થવા આહ્વાન કર્યું છે.

નવસારી વેપારી અને ઉદ્યોગ મંડળમાં ગઈકાલે નવનિયુક્ત પ્રમુખ માટે યોજાયેલા પદગ્રહણ સમારોહમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રીએ જણાવ્યું કે, નવસારી સહિત દક્ષિણ ગુજરાતમાં સારો વરસાદ વરસે છે. પરંતુ પાણીનો યોગ્ય ઉપયોગ અને સંગ્રહ કરવો આવશ્યક છે.

આ પ્રસંગે રાજ્યના નાણા અને ઊર્જા મંત્રી કનુ દેસાઈએ પણ વેપારી મંડળની નવી ટુકડીને નવસારીને ઔદ્યોગિક ક્ષેત્રે આગળ ધપાવવા શુભકામના પાઠવી હતી.

---------------------------------------------------------------------

-(NDMS – PRAVESH.)

-(NAVIN)

# CENTRE - MPOX REVIEW

મંકીપૉક્સ વાઇરસ સંક્રમણની ભીતિને જોતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રાએ ગઈકાલે દિલ્હી ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં મંકીપૉક્સ વાઇરસ અંગેની તૈયારીઓ તેમ જ આગોતરા પગલાં વિશે ચર્ચા કરવામાં આવી. તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી સ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છે.

બેઠક દરમિયાન શ્રી મિશ્રાએ રાજ્યોને દેખરેખ વધારવા અને કેસની ત્વરિત તપાસ માટે અસરકારક પગલાં લેવા નિર્દેશ આપ્યા છે.

વધુમાં તેમણે પ્રયોગશાળાઓનું નેટવર્ક વહેલી તકે નિદાન માટે સજ્જ હોવું જોઈએ તે વાત પર ભાર મૂક્યો હતો. હાલમાં દેશની 32 જેટલી પ્રયોગશાળા મંકીપૉક્સ વાઇરસના પરિક્ષણ માટે સજ્જ છે. ડૉ. મિશ્રાએ જણાવ્યું કે, સંક્રમણને પ્રસરતા અટકાવવા સારવારના નિયમોનો મોટાપાયે પ્રસાર જોઈએ. વધુમાં તેમણે આરોગ્ય સેવા પ્રદાતાઓમાં રોગના ચિહ્ન અને લક્ષણ તેમ જ નિરીક્ષણ વ્યવસ્થાને સુદ્રઢ બનાવવાની વાત કરી. બેઠક દરમિયાન કહેવાયું કે, દેશમાં અત્યાર સુધી મંકીપૉક્સનો એક પણ કેસ નોંધાયો નથી.

મંકીપૉક્સ સંક્રમિત દર્દી સાથે લાંબો સમય સંપર્કમાં રહેવાથી 2થી 4 અઠવાડિયામાં વાઇરસનો ચેપ લાગવાનો ભય રહે છે. જોકે, સારવારથી મંકીપૉક્સની બિમારીથી ઉગારી શકાય છે.

ઉલ્લેખનીય છે કે, વિશ્વ આરોગ્ય સંસ્થાએ આફ્રિકાના દેશોમાં મંકીપૉક્સ વાઇરસના સંક્રમણને જોતા વૈશ્વિક કટોકટીની જાહેરાત કરી છે.

---

- પૂલ O સુનિતા -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CHANDIPURA CASES

રાજ્યમાં ચાંદીપુરા એટલે કે, વાયરલ એન્કેફેલાઈટીસના અત્યાર સુધીમાં શંકાસ્પદ 164 કેસ નોંધાયા છે. આમાંથી સૌથી વધારે 16—16 કેસ સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લામાં હોવાના અહેવાલ છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ, આ તમામ કેસ પૈકી સૌથી વધુ ચાંદીપુરાના સાત પોઝિટિવ કેસ પંચમહાલ જિલ્લામાં નોંધાયા છે. આમ પોઝિટિવ કેસની કુલ સંખ્યા 61એ પહોંચી છે. જ્યારે 73 દર્દીના મોત નીપજ્યા છે.

રાજ્યમાં હાલમાં ચાંદીપુરા કેસના 4 દર્દી હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યારે 87 દર્દીને રજા આપવામાં આવી છે. આરોગ્ય વિભાગની ટુકડીએ પોઝિટિવ અને શંકાસ્પદ દર્દીના ઘર તેમ જ આસપાસના વિસ્તારના ઘર મળી કુલ 53 હજાર 999 ઘરમાં દેખરેખની કામગીરી કરી છે.

---

-(આરોગ્ય વિભાગ યાદી – પ્રવેશ) -(NAVIN)

# Raxabandhan

ભાઇ બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધનની આજે પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઇ રહી છે.

રક્ષાબંધનના પવિત્ર પર્વ પર બહેન ભાઇના હાથમાં રાખડી બાંધે છે અને ભાઇની લાંબી આયુ, સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિની કામના કરે છે. જયારે ભાઇબહેનની રક્ષા કરવાનું વચન આપે છે. અને બહેનને અવનવી ભેટ આપે છે. દરમ્યાન, રક્ષાબંધનના પગલે લોકો ગત મોડી રાત સુધી બજારમાં રાખડી, મીઠાઇની ખરીદી કરતા જોવા મળ્યા હતા. મીઠાઇ ઉપરાંત સૂકોમેવો, ચોકલેટમાં પણ  મોટી ખરીદી જોવા મળી હતી.

રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીએ નાગરીકોને રક્ષાબંધનની શુભકામનાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રક્ષાબંધનના અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવતા તેમના સંદેશમાં જણાવ્યું હતું કે આ તહેવાર ભાઈ-બહેન વચ્ચેના અનોખા બંધનની ઉજવણી છે જે પ્રેમ અને પરસ્પર વિશ્વાસની લાગણીઓને મજબૂત બનાવે છે તેમણે કહ્યું કે આ તહેવાર મહિલાઓના અધિકારોની રક્ષા કરવાના સંકલ્પને મજબૂત બનાવે છે

---

-આર્કાઈવઝ, નિકીતા -(NAVIN)

# GUJARAT TEACHERS AWARD

રાજ્ય સરકાર 28 શિક્ષકને "શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ 2024"થી સન્માનિત કરશે એમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ યોજના અંતર્ગત આ વર્ષે રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગનાં ત્રણ એચ ટાટ એટલે કે, મુખ્યશિક્ષક, પ્રાથમિક વિભાગના 14 શિક્ષક, માધ્યમિક શિક્ષણ વિભાગના 6, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના 4 આચાર્ય તેમ જ એક BRC સહ-સંયોજક એમ મળીને કુલ 28 શિક્ષકને 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડથી સન્માનિત કરાશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણ વિભાગ અને માધ્યમિક શિક્ષણ વિભાગના શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ આપવાની યોજના વર્ષ 2022થી અમલી બનાવવામાં આવી છે.

---------------------------------------------------------------------

-(માહિતી ખાતા – પ્રવેશ) -(NAVIN)

# Merit list

મેડીકલ ડેન્ટલ સહિતની કોલેજમાં પ્રવેશ માટે પ્રોવીઝનલ મેરીટ લિસ્ટ જાહેર કરાયું છે. આ યાદીમાં 22 હજાર 804 વિદ્યાર્થીનો સમાવેશ કરાયો છે.

આ વિદ્યાર્થીઓને આગામી 29 ઑગસ્ટ સુધી ચોઈસ ફિલીંગ કરવા સૂચના અપાઈ છે.

ઓલ ઇન્ડિયા ક્વોટાની પ્રક્રિયા 29 ઑગસ્ટે પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓને સ્થાનિક ક્વોટામાં 30 અથવા 31 ઑગસ્ટે કોલેજની ફાળવણી કરાશે.

---

-ન્યુઝ પેપર, નિકીતા -(NAVIN)

# Under-18 Basketball

દેશની અંડર-18 મહિલા બાસ્કેટબોલ ટીમમાં રાજ્યની આહના જ્યોર્જનો સમાવેશ કરાયો છે.

આહનાનો હંગરી ખાતે 26 થી 30 ઓગસ્ટ દરમિયાન રમાનાર અંડર 18 વિશ્વકપ માટે ભારતીય ટીમમાં સમાવેશ કરાયો છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર દેખાવ કરનાર આહનાએ ગત વર્ષ અંડર-16 ભારતીય ટીમમાં પણ સ્થાન મેળવ્યું હતું.

---

-ન્યુઝ પેપર, નિકીતા -(NAVIN)

# DR. MANSUKH MANDAVIYA PORBANDAR

પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા ગઈકાલે પોરબંદરના ખંભાળા નેસ ખાતે પહોંચ્યા હતા. સાંસદ બન્યા બાદ પહેલી વાર નેસ વિસ્તારમાં આવતાં તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું. શ્રી માંડવિયાએ અહીં માલધારી સમાજના લોકો સાથે મુલાકાત કરી સંવાદ કર્યો હતો.

શ્રી માંડવિયાએ માલધારી સમાજની વિવિધ સમસ્યાઓ અંગે માહિતી મેળવી તેમના પ્રશ્નોના હકારાત્મક નિરાકરણ લઈ આવવા સરકાર કાર્યરત્ હોવાની ખાતરી આપી હતી.

---

-(હિન્દુસ્થાન સમાચાર – પ્રવેશ) -(NAVIN)